મીની લોકડાઉન દરમ્યાન રહેણાંકના મકાનમાં જુગાર રમતા કુલ્લે ૦૭ ઇસમોને રોકડા રૂ.૪૨,૭૫૦/- મળી કુલ્લે કિ.રૂ.૧,૪૩,૨૫૦/- ની મતાનો મુદામાલ સાથે પકડી પાડી મસમોંટુ જુગારધામ શોધી કાઢતી સુરત પોલીસ.

સુરત શહેરમાં દારૂ/જુગાર જેવી અસમાજીક પ્રવૃત્તિઓને નેસ્તનાબુદ કરવા ઉપરી અધિકારીશ્રી નાઓએ આપેલ સુચના મુજબ પુણા પો.સ્ટે.ના સર્વેલન્સ સ્ટાફના પોલીસ માણસોના પેટ્રોલીગ દરમ્યાન અ.હે.કો. રણજીતસિંહ નવલસિંહ બ.નં.૧૩૪૧ નાઓની બાતમી હકીકત આધારે "ઘર નં. ૩૯૫, બીજા માળે સીતારામ સોસાયટી વિભાગ-૨, અર્ચના સ્કુલ પાસે પુણા ખાત એલ યોગેશ ઝીંઝળા નામનો ઇસમ પોતાના આથિક લાભ સારૂ બહારથી ખેલૈયાઓ બોલાવી ગંજીપાનાથી પૈસા પાનાનો હારજીતનો જુગાર રમાડે છે. વિગેરે બાતમી આધારે ઉપરોક્ત જગ્યાએ રેડ કરતા સદર મકાનના કબજા ભોગવટાવાળા ઇસમ નામે (૧) યોગેશભાઇ રામજીભાઇ ઝીંઝાળા ઉ.વ.૨૩ રહે. ઘર નં.૩૯૫, સીતારામ સોસાયટી વિભાગ-૨, અર્ચના સ્કુલ પાસે પુણા, સુરત મુળગામ-ખોડીયારનગર, મવા જકાતનાકા યાદવ ચોક- તા-રાજુલા જી.અમરોલી નાઓ તથા અન્ય (૬) ઇસમો સાથે કુલ્લે-(૭) ઇસમોન પકડી પાડી તમામની અંગ ઝડતી માંથી રોકડા રૂ.૩૮,૩૦૦/-તથા નાળના રોકડા રૂ.૧૪૫૦/-તથા દાવના રોકડા રૂ.૩૦૦૦/-મળી કુલે રોકડા રૂ.૪૨,૭૫૦/-તેમજ જુગાર રમતા ઇસમોની પાસેથી અલગ- અલગ કંપનીના મોબાઇલ ફોન—૮ કિ.રૂ.૪૫,૫૦૦/- તેમજ ગંજીપાનાની કેટ નંગ-૪ કિ.રૂ.૦૦/૦૦ તથા મો.સા.નંગ-૨ કિ.૫૫,૦૦૦/- મળી કુલે મુદામાલની કુલ કિ. ૧,૪૩,૨૫૦/-ની મતાના મુદામાલ સાથે મળી આવેલ તથા મજકુર ઇસમોએ એકબીજાની નજીક-નજીક કોઇ પણ જાતના સોશીયલ ડીસ્ટન્સીંગનુ પાલન કર્યા વિના તથા માસ્ક પહેર્યા વગર બેસીને ચેપી રોગ કોરોના વાયરસ CoViD-૧૯ ફેલાય તેની બેદરકારી રાખી પોલીસ કમિશ્નર સાહેબશ્રીના ચાર કરતા વધુ વ્યકિતઓ ભેગા થવા ઉપર પ્રતિબંધ ફરમાવતા જાહેરનામાનો ભંગ કરેલ હોય તેઓ વિરૂધ્ધ પુણા "બી"-૧૧૨૧૦૦૪૬૨૧૧૨૮૬/૨૦૨૧ જુગાર ધારા કલમ ૪,૫ તથા ઇ.પી.કો.કલમ-૨૬૯,૧૮૮ તથા ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ ૨૦૦૫ ની કલમ-૫૧(બી) મુજબનો ગુનો રજીસ્ટર કરી કાયદેસરની કાર્યવાહી કરી જુગારનો ગણનાપાત્ર કેસ શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે.